ભારત અને ચીન વચ્ચે સીધી હવાઇ સેવાની ફરી શરૂઆત

02 ઓક્ટોબર, 2025

આ વર્ષની શરૂઆતથી, ભારત અને ચીન વચ્ચેના સંબંધોને ધીમે ધીમે સામાન્ય બનાવવા તરફી સરકારના અભિગમના ભાગરૂપે, બંને દેશોના નાગરિક ઉડ્ડયન અધિકારીઓ બે દેશો વચ્ચે સીધી હવાઇ સેવાઓ ફરી શરૂ કરવા માટે અને સુધારેલા હવાઇ સેવા કરાર પર તકનીકી સ્તરની ચર્ચા કરી રહ્યા છે.

2. આ ચર્ચાને પગલે, હવે એ વાત પર સંમતિ સધાઇ છે કે ભારત અને ચીનમાં નિયુક્ત સ્થળોને જોડતી સીધી હવાઇ સેવાઓ ઑક્ટોબર 2025 ના અંત સુધી ફરીથી શરૂ થઇ શકે છે, જે શિયાળાની ઋતુના સમયપત્રકને ધ્યાનમાં રાખીને, અને બંને દેશોની નિયુક્ત ઉડ્ડયન કંપનીઓના વ્યાવસાયિક નિર્ણય અને તમામ કાર્યકારી માપદંડોને પૂર્ણ કરવાને આધિન છે.

3. નાગરિક ઉડ્ડયન અધિકારીઓના આ કરાર દ્વારા ભારત અને ચીનના લોકોથી લોકોના પારસ્પરિક સંપર્ક વધુ સરળ બનશે, જે દ્વિપક્ષીય આદાન-પ્રદાનને ધીમે ધીમે સામાન્ય બનાવવામાં યોગદાન આપશે.

નવી દિલ્લી

02 ઓક્ટોબર, 2025